પત્રક્રમાંક:મઉમશબ/SSC/2020/4438
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, ગાંધીનગર.
તા:- 24/07/2020

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

વિષય:- એકમ કસોટીના સંચાલન અંગેની સૂચનાઓ

સંદર્ભ:

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :- બમશ/1120/142/છ તા. 12/02/2020
2. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2020/1520-55 તા. 02/06/2020
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/11/2020/192931/5, તા.05/06/2020
4. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2020/1686-1720 તા. 10/06/2020
5. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2020/1749-82, તા. 17/06/2020
6. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2020/1915-48. તા. 26/06/2020
7. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/SSC/2020/67-104. તા. 01/07/2020
8. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/SSC/2020/874. તા. 06/07/2020
9. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મઉમશબ/SSC/2020/877. તા. 13/07/2020

જયભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ધોરણ-9 થી ધોરણ - 12 ની તા.29/07/2020 થી તા.30/07/2020 દરમ્યાન યોજાનારી એકમ કસોટી સંદર્ભે નીચેની સૂચનાઓ ધ્યાને લઇ સમગ્ર આયોજન કરવાનું રહેશે.

(1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અત્રેની કચેરીના એકમ કસોટી E-mail એડ્રેસ પરથી એકમ કસોટીના પ્રશ્નપત્રો તારીખ 24/07/2020 ના રોજ આધિકારિક અને ગોપનીય E-mail એડ્રેસ પર પહોંચાડવામાં આવશે.

(2) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લાના તમામ SVS/QDS કન્વીનરના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર તારીખ 25/07/2020 ના રોજ એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.

(3) SVS/QDS કન્વીનરે તારીખ 26/07/2020 ના રોજ પોતાના સંકુલની તમામ ખાનગી/ ગ્રાન્ટેડ/ સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને તેઓના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.

(4) આચાર્યશ્રીએ તારીખ 29/07/2019 ના રોજ તમામ વિદ્યાર્થીના ઘરે સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં સંબંધિત બંને પ્રશ્નપત્ર પહોંચાડવાના રહેશે.

(5) ઉપરોક્ત સાંકળમાં. . . . . GSHSEB → DEO → SVS/QDC કન્વીનર → આચાર્ય . . . . . દરેક તબક્કાના E-mail Address એકમ કસોટી માટે અલગથી નવા બનાવવા. જે જે-તે આધિકારિક વ્યક્તિએ સંપૂર્ણ ગોપનીય રાખવાના રહેશે. જેનો ઉપયોગ તમામ એકમ કસોટી માટે કરવાનો રહેશે.

(6) વિદ્યાર્થીઓએ સબંધિત બંને વિષયની એકમ કસોટીના ઉત્તરો અલગથી બનાવેલ નોટબુકમાં વિદ્યાર્થીની અનુકૂળતાએ સ્વયંશિસ્તપૂર્વક વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ લખે તે અંગે આચાર્યશ્રીએ સૂચનાઓ આપવાની રહેશે.

તમામ શાળાને જાણ કરીએ
NB
તા.૨૪/૭/૨૦૨૦
આ.શિ.૫
૨૪/૭



Scanned with CamScanner

(7) વિદ્યાર્થી દ્વારા લખાયેલ એકમ કસોટીની નોટબુક તારીખ.31/07/2020 થી તારીખ.07/08/2020 સુધીમા તબક્કાવાર વાલીઓની નિયત સંખ્યામાં જમા કરાવવા શાળાએ બોલાવવા આચાર્યશ્રીએ આયોજન કરવાનુ રહેશે.આ આયોજનમાં COVID-19ની પરિસ્થિતિ મુજબ આરોગ્ય વિભાગની સૂચનાઓનુ ચુસ્તપણે પાલન થાય તે જોવાનુ રહેશે.

(8) વાલી/વિદ્યાર્થી દ્વારા જમા થયેલ એકમ કસોટી નોટબુક શાળામાં ત્રણ દિવસ અલગ જગ્યાએ મુકી રાખી ત્યારબાદ જ જે-તે વિષય શિક્ષક દ્વારા મૂલ્યાકન થાય તે ઇચ્છનીય છે.

(9) શાળા દ્વારા દરેક વિદ્યાર્થીના એકમ કસોટીના ગુણ શાળા દ્વારા અપલોડ કરવા અંગેની સૂચનાઓ હવે પછીથી આપવામા આવશે.

(10) આ ઉપરાંત તા. 23/07/2020 ની નિયામકશ્રી, શાળાઓની કચેરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં આપવામા આવેલ સૂચનાઓ ધ્યાને લઇને કસોટીનું આયોજન કરવાનું રહેશે.

(11) કસોટીનો હેતુ વિદ્યાર્થીની સફળતા કે નિષ્ફળતા જાણવાનો નથી પરંતુ તેને અભ્યાસ સાથે સંલગ્ન અને સજાગ રાખવાનો હોઇ તેમજ સ્વ-અધ્યયન પ્રત્યે પ્રેરિત કરવાનો હોઇ વિદ્યાર્થી ભયમુક્ત અને તનાવમુક્ત વાતાવરણમાં કસોટી આપે તે ઇચ્છનીય છે.

આ અંગેની તકેદારી સાથે આયોજન બધ્ધ એકમકસોટીનું અમલીકરણ થાય તે રીતે કાર્યવાહી કરવા વિનંતી.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર

ખાસ અગત્યનું

ક્રમાંક:માવિ.૬/એકમ કસોટી/૨૦૨૦/૧૫૩૫૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૪/૦૭/૨૦૨૦

**સંદર્ભ:-**ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૬/૦૭/૨૦૨૦ પત્ર ક્રમાંક નં.મઉમશબ/SSC/2020/4438.

**૨/- નકલ રવાના જાણ તથા અમલસારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર
૨૪/૭/૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner